




સીમા પર ફેલાવે આતંક, સાંખી નહિ લેવાય!?
ફરકાવે પાકિસ્તાની ધ્વજ, સાંખી નહિ લેવાય!!
સાંખી નહિં લેવાય, દેશ વિરોધી સૂત્રોચ્ચાર -
રોઇ રોઇ બેસી રે'સુ પણ સાંખી નહિ લેવાય!!
(રાજનાથ બફાટ)




તોફાની અશ્વો -
જેને રાખે છે કાબૂમાં -
કોર્ટ ચાબૂક

માનતા નથી -
કોર્ટ હથોડા વિના -
ઉદ્દંડ નેતા...

## ચિંતન

**દોષ ભીતેર નારં ભસ્તત્કા પુરુષ લક્ષણં । કૈર જીર્ણ ભયાદ્ ભાત ભોંજનં પરિ હીયતે ॥**

'કાર્ય શરુ કરતાં પહેલાં જ આ કાર્ય કઠિન છે, મુશ્કેલીઓ અને વિધ્નો આવશે અને કદાચ નિષ્ફળતા પણ મળશે આવા અનેક દોષો અને વિધ્નોનો વિચાર કરી કરીને કોઇ નવાં કાર્ય-સાહસનો આરંભ જ ન કરવો એ નબળાં અને ભીરું સ્વભાવનાં વ્યક્તિનું લક્ષણ છે.'

હે મિત્ર! હું આ ભોજન ખાઇસ તો મને અજીર્ણ અપચો થશે એવા ભયથી કેટલા માણસો ખાવાનું જ છોડી દે છે? અર્થાત કાલ્પનિક ચિંતાઓના ભયને કારણે નવું કાર્ય - સાહસ - શરુ જ ન કરવું એ બરાબર નથી.'

કેટલાંક લોકો પોતાના મનથી જ હારી જાય છે કામનો ઢગલો જોઇ હતાશ થઇ જાય - આ તો કાલ કરશું - મારાથી આ ન થાય. આપણું કામ નહીં' જેવાં છાપેલાં કાંટલાં જેવા જવાબો એમની પાસે તૈયાર જ હોય મૂળમાં કામની છટકવાની - ન કરવાની - આળશુંવૃત્તિ ને જ એ પોષતાં હોય છે. કામની શરુઆત કરો તો પૂર્ણ કરવાની શક્તિ ઇશ્વર તમને આપે જ છે.

શક્તિ તમારામાં છે જ પણ તમે મન-શરીરથી થાકેલાં-હારેલાં છો. કોઇ પણ ઉંમરે કોઇ પણ કામ આપણે 'હિંમતપૂર્વક' કરી શકીએ. મન-મનોબળ મજબૂત જોઇએ.

## સુવિચાર

- આ દુનિયામાં પ્રેમ માપવાનું યંત્ર કે પ્રેમશોધક લીટમસ પત્ર શોધાય તો દરેક સ્ત્રી અનેકવાર પુરુષ કેટલો પ્રેમ કરે છે એ ચકાસતી રહે અને પુરુષ આ યંત્ર કે આવા લીટમસ પત્ર પર આજીવન પ્રતિબંધ લાવવા આમરણાંત ઉપવાસ પર બેસી જાય **- હંસલ ભચેચ**
- 'આજ' એટલે બાકી રહેલ જીંદગીનો પહેલો દિવસ **- એચ.એન. ગોલીબાર**
- કબર કી મીટ્ટી હાથ મેં લીયે સોચ રહા હું, લોગ મરતે હૈ તો ઉનકા ગુરુર કહાં જાતા હૈ **- ઓશો**
- સંગીત બ્રહ્માંડને આત્મા, મગજને પાંખો, કલ્પનાશક્તિને ઉડાન અને સૃષ્ટિની દરેક વસ્તુમાં સંચાર પૂરે છે **- પ્લેટો**
- મારી સામે જુઠ્ઠું બોલ્યા હોય એવી તમામ વ્યક્તિઓનો હું આભારી છું, એમના કારણે મને સમજાય છે કે સત્યનું મૂલ્ય કેટલું છે **- પાઉલો કોએલો**
- મનમાં રહેલા કષાઇઓનો નાશ થાય તે સાચી વિજયાદશમી **- જનકલ્યાણ**
- માગવાનું કહે છે તો માંગી રહી છું આ પ્રભુ!! દઇ દે મન એવું કે માગે એ કશુંય નહીં **- વિપિન પરીખ**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આજકાલ સાધુ-સંતો ગૃહત્યાગ કરી પછી ભક્તો-અનુયાયીઓના દાનથી ફાઇવ સ્ટાર આશ્રમો બનાવે છે અને આશ્રમમાં નવો ભૌતિક સંસાર ઉભો કરે છે. આમાં ત્યાગ સાદગી, સરળતા ને કયાંક સ્થાન જ હોતું નથી.

પોલેન્ડના એક યહુદી ધર્મગુરુના જીવનમાં બનેલી આ વાત છે. એમનું નામ હાફિઝ ચાઇમ. હાફિઝનો સ્વભાવ ખૂબ સરળ અને જીવન સાદગીપૂર્ણ - એમના બેઠક સ્થાનમાં માત્ર એક પુસ્તકોથી ભરેલો ઘોડો અને ગાદી-તકીયો જ હતા. અને મહેમાન આગંતુકને બેસવા માટે એક ચટ્ટાઇ.

એકવાર એમના જ્ઞાન અને સ્વભાવની વાત સાંભળી અમેરિકાથી એક પ્રશંસક તેમને મળવા આવ્યો. સંત હાફિઝ તો કોઇક પુસ્તક વાંચવામાં મશગૂલ હતા.

પ્રશંસક સાથે જીવનની ફિલસૂફીની ઘણી વાત થઇ. અંતે અમેરિકને કહ્યું. તમારો બેઠકખંડ - ફર્નિચર વગેરે કયાં છે?

હાફિઝે સામે પુછ્યું, તમારું કયાં છે.

મૂલાકાતી કહે અહિં તો હું પ્રવાસી છું..

હાફિઝે સ્મિત સાથે કહ્યું, મિત્ર ! હું પણ અહીં પ્રવાસી જ છું..

Email - sureshchandrabhatt18@gmail.com

# ગુજરાત સરકારે બાળક્રીડા અને બાળમાનસને સમજી બાળ-શિક્ષણ અને બાળઉછેર માટેની પ્રાથમિકતાને ધ્યાનમાં લઇને ચિલ્ડ્રન યુનિ.ની સ્થાપના કરી છે

## બાળ વિશ્વવિદ્યાલય (Children University)

- ડૉ. આર.જે. વ્યાસ

પ્રસ્તાવિક : બાળકો એટલે પ્રભુના પયગંબરો. કુમળી વયના શૈશવના વિચારો, તરંગો અને ખ્યાલે પણ અનેકરંગી હોવાનાં. શૈશવના વિકાસનો તબક્કો એટલે અત્યંત નાજુક તબક્કો. બાળશિશુનો સાંવેગિક (Emotional Development) વિકાસ પણ ક્ષણે ક્ષણે બદલાતાં બિલોરી કાચના રંગો સમાન નજરે પડવાનો.

ફ્રોઇડ, એલડર અને યુંગે શૈસવના વિકાસને ખૂબ જ જવાબદારીપૂર્વક કાળજીસભર ગંભીરતાથી નિભાવવાની વાત કરી છે. સમગ્ર વ્યક્તિત્વ વિકાસના પાયામાં મનોવૈજ્ઞાનિક રીતે બાળ-વિકાસ પ્રત્યેના ઉત્તરદાયિત્વની નિર્ભયતા સમાયેલી છે. આમ શૈશવ-વિકાસના સંદર્ભમાં ચિલ્ડ્રન યુનિ.ની આવશ્યકતાને સમજવી જરુરી ગણાશે.

● ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાના શા માટે?

ગુજરાત સરકારે બાળક્રીડા અને બાળમાનસને સમજી બાળ-શિક્ષણ અને બાળઉછેર માટેની પ્રાથમિકતાને ધ્યાનમાં લઇને ચિલ્ડ્રન યુનિ.ની સ્થાપના કરી છે.

સૂરદાસે આંતરચક્ષુ દ્વારા શ્રીકૃષ્ણના બાળક્રીડા, બાળપ્રસંગોને લગતાં અનેક પદોને રચીને સ્વંય રસાનુભૂચિ પ્રાપ્ત કરી લાખો લોકોને રસભાવન પદોમાં અભિસિક્ત કરી બાળવિકાસ માટે મનોવૈજ્ઞાનિક સંદેશ પ્રસરાવ્યો. ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં બાળકોના તોફાન, ક્રીડા, રમકડાં તોડવા વગેરેને ધાકધમકીથી અટકાવતા નથી. ચિલ્ડ્રન યુનિ. નિર્દોષ, નિખાલસ બાળકોને સમજવા માટેની પૃષ્ઠભૂમિકા સર્જે છે. બાળકોને સમજો તેનાં તોફાન-મસ્તીને ધમકાવી, ક્રોધ કે નારાજગી દર્શાવી અટકાવશો તો તેમનાં અજ્ઞાત મનમાં (Unconcious mind) એ ઘરબાશે અને મોટવયે તે કોઇને કોઇ વિકૃતિ કે મનોરોગનો શિકાર બની જશે. આવું ન બને તે માટે શૈશવાવસ્થામાં બાળકના શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસના મનોવિજ્ઞાનને સમજવું પડશે.

બાળકોની ચેતના, ઉત્સાહમાં વૈવિધ્યતા છે જે ક્ષણે ક્ષણે બદલાય છે અને નાવીન્ય સર્જે છે. તેમનાં સુકોમળ મનને રંગબેરંગી રમકડાં, દીવાલો પરનાં ચિત્રો, અધ્યાપકોની રમતિયાળ પ્રવૃત્તિઓ બાળસહજ વિકાસને ગતિ આપશે એ ભાવોર્મિ સર્જવાનું ધ્યેય ચિલ્ડ્રન યુનિવર્સિટીનું છે. જેમ જેમ બાળકને શારીરિક વિકાસ થતો જશે તેમ તેમ તેની પ્રવૃત્તિઓ પણ બદલાશે. આ બદલાતી પ્રવૃત્તિઓ ટેવો અને સ્વભાવને સમજવા-સમજવવાનું કાર્ય બાળ વિશ્વવિદ્યાલયનું છે.

ગિજુભાઇ બધેકા 'મૂછાળી મા' કહેવાયા, શા માટે?

નાના નાના ભૂલકાંને માતાના જેવો નિર્વ્યાજ પ્રેમ આપ્યો.

નાનાલાલ ભટ્ટ અને ગિજુભાઇ બધેકા બાળમાનસના અભ્યાસી હતા.

મેડમ મોન્ટેસરી પણ કિંડરગાર્ટનના અભ્યાસી હતા. નાના નાના ભૂલકાંઓને માતૃવાત્સલ્ય પૂરું પાડતાં 'બાલવાડી'ને ભર્યું ભર્યું બનાવતા. આપણાં આજના 'બાલમંદિરો'માં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી બાળવિકાસની તકો માટેનું પર્યાવરણ નહિવત્ છે.... આવા સંજોગોમાં બાળ વિશ્વવિદ્યાલયની જવાબદારી સવિશેષ છે. બાળ-વિદ્યાપીઠનું મુખ્ય લક્ષ્ય આપણાં ચાલતાં શિશુમંદિરો, બાળવાટિકા વગેરેમં કામ કરતાં અધ્યાપક કે કર્મચારીને ટ્રેઇન્ડ કરવાનું છે. ખાનગી રાહે ચાલતાં બાલમંદિરના સંચાલકોને પણ બાળ - કેળવણી પ્રત્યે જાગૃત કરવાની સંનિષ્ઠતા પણ બતાવવી જ પડશે. કારણ કે બાળક એ પ્રભુનો અવતાર છે...

- તે નિઃસ્વાર્થી છે.
- તે નિષ્કપટ છે.
- તે દુનિયાદારીના રીત-રિવાજોથી પર છે.
- નિર્દોષ બાળક વ્હાલ કરે ઓછે એન અન્યને કરાવે છે.

કોઇ ફિલોસોફરે બાળકના મન, વર્તન, ચેષ્ઠા અને ક્રીડાને 'દર્શન' - Philosophy સાથે સરખાવેલ છે. દર્શનમાં નાવીન્ય (Innovation) છે. બાળકના વર્તનમાં પણ નાવીન્ય છે. બાળકને ઊંચે ઊંચે ઉડવાની તમન્ના છે પછી ભલને કોઇને કંઇ કહી ન શકે! ચિલ્ડ્રન યુનિ. અધ્યાપકોને એવા તૈયાર કરે કે જે બાળ તમન્નાઓને સમજે. બાળકો સાથે પ્રેમ, સ્નેહ, સહાનુભૂતિ એવં વાત્સલ્યસભર વ્યવહાર - વર્તન કરીને તેમનાં વિકાસને આગળ ધપાવવાની ખેવના રાખે. તોફાન-મસ્તી કરતાં બાળક તરફ નિરાશા જ ન રાખે. એકવાર મનોવૈજ્ઞાનિક વોટસને તેમનાં મિત્રોને આત્મશ્રદ્ધા સાથે કહ્યું, 'મને તમે કોઇ પણ પાંચ બાળકો આપો. પછી જુવો કે તેમનો વ્યક્તિત્વ-વિકાસ તમે ઇચ્છો છો તે રીતે થસે કે નહીં.' વોટસનના આ વિધાનમાં બાળકો સાથેનાં વર્તન-વ્યવહાર અને તેમની સાથે બાળસહજ ટ્રીટમેન્ટ કરવા તરફનો સંકેત છે.

- વાલીઓ (Parants) ને પણ મારો એક સંદેશ...
- તમે સૌ બાળકો પ્રત્યે ભેદભાવરહિત 'મમતા' રાખો.
- બાળકોની નવી નવી બદલાતી ક્રિડા-ક્રીયાથી કંટાળો નહીં.
- બાળવિચાર વર્તનને પારખી તેને અનુરૂપ વ્હાલસભર વ્યવહાર કરો.
- બાળકોને ગમતાં બાળગીતો, બાળવાર્તાઓ દ્વારા તેમની જિજ્ઞાસાવૃત્તિ (Curiosity) ને સંતોષવા પ્રયત્નશીલ બનો.

આવી ઉમદા પ્રવૃત્તિની બાળમાનસ પર પડતી છાપને (Impresssion) નિહાળો - સમજો અને ખુશ થાવ.

- બાળકો સાથે અડવા દાન જેવી રમતો પણ રમો.
- બાળકોને (Toy - House) માં લઇ જઇ રંગબેરંગી રમકડાં ભીંતચિત્રો સાથે બાળશૈલીમાં સંવાદ કરી તેમની સર્જનશીલતાને - બૌદ્ધિકતાને (Creativity & Intellectual) વેગ આપવા અને બાળકોની છુપાયેલી અહમ્‌વૃત્તિને પ્રોત્સાહન આપો.
- તમારી સાથે બાળકોને દેવ-મંદિર, બાલવાટિકા જેવા સ્થળોએ લઇ જાવ... જુઓ, બાળક કેવું ખુશ થાય છે!

બાળ વિશ્વવિદ્યાલયની રિસર્ચ વીંગ પણ પેરેન્ટ્સ એજ્યુકેશન વિશે, શિશુના શિક્ષણ સંદર્ભમાં સંશોધનો બહુવિધ સંશોધનોની પાંખ ધરાવે છે. વાલીઓને પોતાના બાળકોના કિન્ડરગાર્ટન કે પ્રાથમિક શિક્ષણના વિષે જરુરી માહિતી આ વિશ્વવિદ્યાલયમાંથી ઉપલબ્ધ કરવી ઉપયોગી નીવડશે.

બાળવિશ્વવિદ્યાલયના અધ્યાપકોએ સમગ્ર બાળમનોવિજ્ઞાનના સંદર્ભમાં થતાં સંશોધનોની સમજ કેળવવી પડશે. બાળવર્તનના સંદર્ભમાં ચિંતન-મનન કરવું પડશે. બાળકોના માતા-પિતા, પાલ્યની તેમનાં ઘેર જઇને કવચિત મુલાકાત કરી બાળકોને સમજવામાં, તેમની સમસ્યાઓનાં સુઝાવ માટે અથાગ મહેનત કરવાની જરુરીયાત છે. જેમને બાળકો પ્રત્યે પ્રેમ, સ્નેહ, વાત્સલ્ય હોય એન વૈશ્વિક સંદર્ભમાં Harmony - સર્જી ચારિત્રિક અને સાંસ્કૃતિક મૂલ્યો સમજવાની તેનું નિર્માણ કરવાની ક્ષમતા જન્માવવી પડશે. આવો અધ્યાપક જ Child teaching / Learning પ્રત્યે Ideal Situation કરી શકશે. આપણું સદ્ભાગ્ય છે કે દિવ્યાંગભાઇ દવે એક કુલપતિ તરીકે બહુવિધ જ્ઞાનસજ્જતા ધરાવે છે તે બાળવિશ્વવિદ્યાલય ગાંધીનગરના કુલપતિ છે. ખૂબ જ મૂલ્યવાન સંશોધાત્મક દૃષ્ટિકોણથી કાર્યરત આપણી 'બાળ-વિશ્વવિદ્યાલય' ને સમજીએ, તેનાં જ્ઞાનવર્ધક કાર્યોમાં રસ લઇએ અને તેના, વિકાસમાં બની શકે એટલું મહત્તમ યોગદાન આપી 'બાળ વિશ્વવિદ્યાલય'ની પ્રગતિને વેગ આપીએ... એ જ મનોકામના સાથે વિરમું.

# દેહાંત દંડને નાબુદ કરવા ભારતની પહેલ

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ

atopcl@gmail.com



આગામી જૂન માસમાં જીનીવા ખાતે સંયુકત રાષ્ટ્ર સંઘની બેકઠ યોજાવા જઈ રહી છે ત્યારે દુનિયાભરની ત્રીસેક જેટલી માનવ અધિકાર સંસ્થાઓની ભલામણથી ભારતે પણ દેહાંત દંડની સજા નાબુદ કરવા માટેની ભલામણને સમર્થન આપેલ છે. એક તરફ પાકિસ્તાનના પૂર્વ પ્રમુખ પરવેશ મુસરફ પર પાકિસ્તાનમાં દેહાંત દંડનો ગાળીયો કસાતો જાય છે ત્યારે સંયુકત રાષ્ટ્ર સંઘ દેહાંત દંડની સજાને કાયમી સ્વરૂપે બંધ કરવા માટે ઝુંબેશ ઉપાડી રહ્યં છે જેમાં ભારત સમર્થન આપતો પ્રમુખ દેશ છે.

૨૦૦૫માં ભારતે રાષ્ટ્રદ્રોહ સીવાયના ગુન્હામાં ફાંસીની સજા લાગુ ના પાડવા માટે વિચારણાની ખાતરી આપેલ છે.

આદિ અવસ્થાબાદ સભ્ય સમાજમાં નિર્માણ માટે કાયદા કાનૂન ઘડાયા તે સમયે ગંભીર ગુન્હાના પ્રમાણ ઘટાડાવા માટે દેહાંત દંડની જોગવાઈ કરવામાં આવેલ તે સમયે માનવ અધિકાર સંસ્થા અસ્તીત્વમાં આવી ન હોતી જુનામાં જુનો ગણાતો કાયદો કોડ ઓફ હબ્બુરાબી જે ચાર હજા વર્ષ જુનો કાયદો છે તેમાં પણ દેહાંત દંડને ઉચિત ગણવામાં આવ્યો છે દરેક દેશમાં દેહાંત દંડનો અમલ અલગ અલગ રીતે થતો કેટલાક દેશોમાં ઘાતકી રીતે દેહાંત દંડ આપવામાં આવતો કેટલાક દેશોમાં જાહેરમાં ફાંસી આપવામાં આવતી ઘાતકી, જંગલી યાતનાભરી રીતે સજા આપીને પણ દેહાંત દંડ આપી સમાજમાં દાખલો બેસાડવામાં આવતો કેટલાક દેશોમાં ઝેરી ગેસથી પ્રાણ લેવામાં આવે છે પરંતુ માનવ અધિકાર સંસ્થાના જણાવ્યા અનુસાર કોઈપણ વ્યકિત સંજોગોનો શિકાર બની ગુનેગાર બને છે તેને સુધરવાની તક આપવી જોઈએ જદ્દન્ય અને દેશદ્રોહ સીવાયના ગુન્હામાં ફાંસી જેવી આકરી સજા ના હોવી જોઈએ એમ્નેસ્ટી ઈન્ટરનેશન નામની સંસ્થા દ્વારા આ માટે દરેક દેશમાં ઝુંબેશ શરૂ કરવામાં આવી જેને ૨૦૦૫માં ભારતે પણ સમર્થન આપ્યું. આ સંસ્થાની ચળવળથી યુરોપમ ૧૮, દક્ષીણ આફ્રિકાના ૧૬ દેશો દેહાંત દંડની સજા નાબુદ કરી શકયા છે. હાલમાં દુનિયાના ૫૮ દેશોમાં દેહાંત દંડની જોગવાઈ ચાલુ છે.

સંયુકત રાષ્ટ્ર સંઘ અને ભારતે પણ નો કેપીટલ પનીશમેન્ટ મુવમેન્ટને સમર્થન આપ્યું છે તેમ છતાં ભારતે રાષ્ટ્રદ્રોહના ગુન્હા બદલ અફઝલગુરૂ અને કસાબને ફાંસી આપેલ છે જેનાથી યુનોમાં ભારતનો માનવતા વાદી ચહેરો ખરડાયેલ છે. યુરોપ, અમેરીકા પણ દેહાંત દંડની સજાની નાબુદીની તરફેણ કરે છે. ગત વર્ષમાં એશીયી દેશોમાં ૪૮૯૬ જેટલા ગુન્હેગારોને ફાંસીના માચડે લટકાવી દેવામાં આવ્યા છે જયારે યુરોપના દેશોમાં આ પ્રમાણ નહિવત છે. સૌથી વધારે દેહાંત દંડની સજા અત્યાર સુધી ચીને આપેલ છે પરંતુ ચીનમાં મીડીયા ઉપર પ્રતિબંધ હોવાથી આંકડો સત્તાવાર જાહેર થયેલ નથી જે આંકડો છેલ્લા દશ વર્ષમાં ચીન એકલાનો જ ૪૦૦૦ ઉપર થવા જાય છે.

અફઝલગુરૂ અને કસાબે મુંબઈ ઉપર હુમલો કરી ૧૬૬ જેટલા નિર્દોષ લોકોને મારીનાખી રાષ્ટ્રદ્રોહનો ગુન્હો કરેલ છે જો ભારતે ૨૦૦૫માં યુનોમાં દેહાંત દંડના નાબુદીની સમર્થનમ લેખીતમ કરાર કરેલ હોય તો આ સજા શકય જ ના બનત.

પીપલ્સ યુનિયન ઓફ સીવીલ લીબરેઝ નામની સંસ્થાએ ૧૯૯૮થી દશેભરની એક હજારથી વધારે જેલનો અભ્યાસ કરી રાઈટ ટુ ઈન્ફ્રમેશન એકટ મુજબ માહિતી ભેગી કરી લો કમિશન ઓફ ઈન્ડીયાના રીપોર્ટના એપેન્ડીકસ ૧૬૭-૩ નો હવાલો ટાંકીને જાહેર કરેલ છે કે ૨૦૧૧ સુધીમાં ભારતમાં ૩૮૬૪ ગુન્હેગારોને ફાંસીની સજા આપવામાં આવી છે. ભારતમાં ન્યાય કરતી વખતે ગુનાની ગંભીરતાને જોઈ તે સામે ગુન્હેગારને સુધારાવાદી અભિગમથી પણ જોવામાં આવે છે. સર્વોચ્ચ અદાલનો ફાંસીનો ફેસલો રાષ્ટ્રપતિ ફેરવી શકે છે ગુન્હેગારને બચાવની પૂરતી તક આપવામાં આવે છે જયારે ઈસ્લામીક દેશોમાં સરમુખત્યાર પદ્ધતિ હોય એક વખત ગુન્હો સાબીત જાય તો દેહાંત દંડ નક્કી જ થઈ જાય છે. સો ગુન્હેગાર ભલે છૂટી જાય પણ એક નિર્દોષને સજા ના થવી જોઈએ તેવો ભારતનો માનવતાવાદી અભિગમ રહેલો છે. આવા સંજોગોમાં ભારતે દેહાંત દંડની સજા અંગે ઢાંકપીછોડો કરવાને બદલે પારદર્શી નિતિ અપનાવી છે. હાલમાં ભારતમાં રેપ કેસના આરોપીને ફાંસીની સજા ફરમાવી છે જે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થવામાં ઘણો સમય લાગે તેમ છે તેવા સંજોગોમાં જો જીનીવામાં સંયુકત રાષ્ટ્ર સંઘની બેઠકમાં દેહાંત દંડ નાબુદી માટે લેખીતમાં કરાર ભારત દ્વારા કરવામાં આવશે તો કાયદામાં નવા સમીકરણ બદલાશે. ભારતે આવા કરારમાં ડ્રગ્સ કારીટીંગ અને રાષ્ટ્રદ્રોહના ગુન્હેગારોને ફાંસી આપવાનો વિકલ્પ ખુલ્લો રાખવો જોઈએ તેવું કાનૂન નિષ્ણાંતોનું માનવુ છે નહીતર ફિદાઈમ હુમલો કરનારને માત્ર ઉંમર કેદની સજાથી જ સંતોષ માનવો પડશે માટે જ કાયદામાં રેરસ્ટ ઓફ ધ રેર કેસમાં દેહાંત દંડની જોગવાઈ કરેલ છે. ફાંસીની સજાના આ આરોપીને ૮ થી ૧૧ સ્તરે નિર્દોષ સાબીત કરવાની તક માત્ર ભારતમાં જ છે.

# ગુલમહોર કપાયાની વેદના

ઉનાળો આવે એટલે આગ વરસાવતા સૂરજના કોપની વાત આવે, તાળવું તોડી નાખે તેવા તડતડતા તાપની વાત આવે. અંગેઅંગ દઝાડતા ઊનાં લાહ્ય વાયરાની વાત આવે, ગરમીથી બચવા નીતનવા નુસખા અજમાવતા માણસોની વાત આવે, છાંયડો ગોતતા પશુપંખીઓની વાત આવે, ભારતના પ્રજાજનોની પેઠે નીચી મુંડીએ તડકો વેઠતા વૃક્ષોની વાત આવે. પરંતુ જયાં વૃક્ષોની વાત નીકળે ત્યાં તીખા તીર સામું હસતા મોઢે છાતી કાઢીને અડીખમ ઊભા રહેતાં ગુલમહોર અને ગરમાળાની ચર્ચા ના થાય એવું કદી બની શકે નહીં. આ વરસે આપણા ગુજરાતી વર્તમાનપત્રોએ રાબેતા મુજબ શીતળ જળ પીવરાવતા માટલાઓ અને ચીરા પડી ગયેલા તળાવના ફોટા છાપ્યા છે. વધુમાં ગરમાળા અને ગુલમહોરના સદાબહાર ફોટા પણ પ્રસિદ્ધ કર્યા છે. ગાંધીનગરના ગરમાળાનો કોઇ પાર નથી. એની સામે ગુલમહોરની સંખ્યા ઘણી ઓછી છે. સવારે ચાલતાં ચાલતાં લીલીછમ વનરાજી વચ્ચે રાતોચટ્ટાક ગુલમહોર જોવા મળે છે ત્યારે આંખોની ઉજાણી થઇ જાય છે. મન ગુલાબ ગુલાબ થઇ જાય છે. જેમ ગરમાળાનો સુવર્ણ રંગી અસબાબ આપણું મન મોહી લે છે. તેમ રતુંબલ ચુંદડી ઓઢેલો ગુલમ્હોર જોતાં જ મન મોર બની થનઘનાટ કરવા લાગે છે. આવો સુંદર, સોહામણો અને સુહાગી તરુવર રોજ જોઇને મન ઠારતા હોઇએ અને એક દિવસ અચાનક આ રંગમોરલો કયાંક ઊડી ગયેલો જોવા મળે છે ત્યારે હૃદય ખજાનાના તમામ ભંડારો લુંટાઇ ગયા હોય છએવી લાગણી થઇ જાય. હૃદયમાં કારમો ધ્રાસકો પડી જાય છે. મન સુન્ન થઇ જાય, જીભ વાચા ગુમાવી દે અને આંખો સાવ ઓશિયાળી બની જાય. કાળજામાં એવી કારમી ચીસ ઊઠે કે એ સાંભળીને ગમે તેવો લાગણીહીન માણસ પણ સ્તબ્ધ થઇ જાય. બિચારા પંખીઓ તો કરી કરીને થોડો કકળાટ કરી મૂંગા થઇ જાય, પણ મનોજ ખંડેરિયા જેવો કવિ આવું કંઇક લખ્યા વગર કેવી રીતે કહી શકે?



**લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો**
**તોર તે કયાં ગયો કોઇ કહેતું નથી**
**આ નગરની વચ્ચેવચ હતો એક**
**ગુલમ્હોર તે કયાં ગયો કોઇ કહેતું નથી**
**પૂછું છું બારને - બારીને - ભીંતને -**
**લાલ નળિયાં - છજાં - ને વળી ગોખને -**
**રાત 'દિ ટોડલે બેસીને ગ્હેકતો**
**મોર તે કયાં ગયો કોઇ કહેતું નથી**
**કૈં જ ખૂટ્યું નથી, કૈં ગયું પણ નથી**
**જરઝવેરાત સહુ એમનું એમ છે;**
**તે છતાં લાગતું સઘળું લૂંટી અને**
**ચોર તે કયાં ગયો કોઇ કહેતું નથી**
**સાવ સૂની બપોરે ઘડી આવીને**
**એક ટહુકો કરી, ફળિયું ભરચક ભરી**
**આંખમાં આંશુ આંજી અચાનક**
**શકરખોર તે કયાં ગયો કોઇ કહેતું નથી.**
**કેટલાં વર્ષથી સાવ કોરાં પડ્યાં**
**ઘરનાં નેવાં ચૂવાનુંય ભૂલી ગયાં**
**ટપકતો ખાલીપો પૂછતો : મેઘ**
**ઘનઘોર તે કયાં ગયો કોઇ કહેતું નથી.**
**જિંદગીના રૂપાળા ચહેરા ઉપર**
**ઉઝરડા ઉઝરડા સેંકડો ઉઝરડા**
**કોણ છાના પગે આવી મારી ગયું**
**ન્હોર, તે કયાં ગયો કોઇ કહેતું નથી.**
**પાછળી રાતની ખટઘડી એ હજી**
**એ તળેટી ને એ દામોદર કૂંડ પણ -**
**ઝૂલણા છંદમાં નિત પલળતો**
**પ્રથમ પ્હોર તે કયાં ગયો કોઇ કહેતું નથી.**



**- મનોજ ખંડેરિયા**